| | |
|---|---|
| દાખલ તારીખ :– | ૧૬/૦૧/૨૦૨૫ |
| નોંધ્યા તારીખ :– | ૧૬/૦૧/૨૦૨૫ |
| **ફેંસલ તારીખ :–** | ૨૫/૦૩/૨૦૨૬ |
| સમયગાળો :– | <u>૧વર્ષ–૨માસ–૯દિવસ</u> |

–––––––––––––––––––––––––––––––––––––––––––––

**અંકલેશ્વરના મે. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મું.અંકલેશ્વર.**

–––––––––––––––––––––––––––––––––––––––––––––

**<u>ફોજદારી કેસ નંબર : ૧૧૯/૨૦૨૫</u>**
આંક :–

**<u>ફરીયાદી</u> :–** સરકારશ્રી

**–:: <u>વિરૂધ્ધ</u> ::–**

**<u>આરોપી</u> :–** **૧.** મનીતાસીંગ પંકજસીંગ સુગ્રીવસીંગ
રહે. એ/૨૭ આત્મીય રેસીડન્સી, ગામ.સારંગપુર,
તા.અંકલેશ્વર, જી.ભરૂચ.

**૨.** ક્રીતીકાસીંગ પંકજસીંગ સુગ્રીવસીંગ
રહે. એ/૨૭ આત્મીય રેસીડન્સી, ગામ.સારંગપુર,
તા.અંકલેશ્વર, જી.ભરૂચ.

**3.** પંકજસીંગ સુગ્રીવસીંગ
રહે. એ/૨૭ આત્મીય રેસીડન્સી, ગામ.સારંગપુર,

તા.અંકલેશ્વર, જી.ભરૂચ.

**૪.** પ્રશાંતસીંગ પંકજસીંગ સુગ્રીવસીંગ

રહે. એ/૨૪ આત્મીય રેસીડન્સી, ગામ.સારંગપુર,

તા.અંકલેશ્વર, જી.ભરૂચ.

**૫.** સંગીતાસીંગ અભીલાષ જગવાહીર

રહે. ૧૦,આત્મીય રેસીડન્સી, ગામ.સારંગપુર,

તા.અંકલેશ્વર, જી.ભરૂચ.

**ગુનો :- બી.એન.એસ ની કલમ- ૧૧૫(૨), ૩૫૨, ૫૪ જી.પી એકટની કલમ-૧૩૫ મુજબ**

| |
|---|
| ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી.એચ.કે.બ્રહ્મભટ્ટ |
| આરોપી તરફે વિ.વ.શ્રી.કે.બી.મિસ્ત્રી |

**ઠ રા વ**

**(૧)** ફરિયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરીયાદીના છોકરા યશ યાદવ તથા તેના મિત્ર સોસાયટીના કોમન પ્લોટ પાસે રોડ ઉપર ફટાકડા ફોડતા હોય તે વખતે આ કામના આરોપી મનીતાસીંગ તથા તેમના છોકરી ક્રિતીકા તથા છોકરો પ્રશાંત નાઓ તેમને ફટાકડા નહી ફોડવાનુ કહી ગમે તેમ બોલવા લાગેલ જેથી સોસાયટીના માણસો ભેગા થઈ જતા બોલાચાલી કરી ઝઘડો કરેલ અને તે વખતે તેમનુ ઉપરાણુ લઈ આરોપી પંકજસીંગ નાઓ આવી યશ યાદવ સાથે તથા તેમના મિત્ર સાથે ઝપાઝપી કરવા લાગેલ. જેથી

ફરીયાદી તેમને છોડાવવા આવતા આરોપી માનસીંગ નાઓએ તેમના હાથમાંનો દંડો કપાળના ભાગે મારી દેતા લોહી નીકળવા લાગેલ. જેથી

તેમની છોકરી સ્વાતીનાઓ તેમને છોડાવવા જતા તેઓને પણ માથાના ભાગે દંડો મારેલ અને આરોપી ક્રિતીકા તથા અંકીત ચતુર્વેદીની માતા તેઓ સાથે ઝપાઝપી કરી ઝઘડો કરતા હોય જેથી સોસાયટીના માણસો વચ્ચે પડી વધુ માર માંથી છોડાવેલ. આમ, આરોપીએ એકબીજાની મદદગારી કરી બી.એન.એસ ની કલમ–૧૧૫(૨), ૩૫૨, ૫૪ જી.પી એકટની કલમ–૧૩૫ મુજબ ગુનો કરેલ હોય, તે અંગેની ફરીયાદીએ સબંધિત પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા તેના આધારે પોલીસ તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ઉપરોકત ગુન્હા સબબ હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) આરોપીઓ સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, સમન્સ કરવામાં આવતા અને આરોપીઓ અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૨૩૦ અન્વયે આરોપીઓને તેમની સામેના કેસના પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે આરોપી સામે આંક–૩ થી તહોમતનામુ ફરમાવી, આંક– ૪,૫,૬ થી સદર ગુના અંગેના આરોપીઓના જવાબ લેવામાં આવતા તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા, ફરીયાદ પક્ષ તરફે પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**–:: મૌખિક પુરાવો ::–**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી શીલા વિજય હરીલાલ યાદવની જુબાની | ૧૩ |
| ૨ | સાહેદ સ્વાતી વિજય યાદવની જુબાની | ૧૫ |

| | | |
|---|---|---|
| ૩ | સાહેદ ધવલભાઈ બચુભાઈ મુનીયાની જુબાની | ૧૬ |
| ૪ | સાહેદ યશ વિજય યાદવની જુબાની | ૧૭ |
| ૫ | સાહેદ આશીષ રામક્રીષ્ના પાટીલની જુબાની | ૧૮ |

## –:: દસ્તાવેજી પુરાવો ::–

| **અનુ. નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૪ |
| ૨ | પંચનામુ | ૧૯ |
| ૩ | ગનાવાળી જગ્યાનુ પંચનામુ | ૨૦ |
| ૪ | મેડીકલ સર્ટીફીકેટ | ૨૧ |
| ૫ | હોસ્પીટલનુ સર્ટી | ૨૨ |
| ૬ | કલોઝીંગ પુરસીસ | ૨૪ |

**(૪)** ઉપરોકત મુજબનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષે આંક–૧૪ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવા અન્વયે આરોપીનું બી.એન.એસ.એસ. કલમ–૩૫૧ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવુ જરૂરી જણાતુ ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિ. એ .પી .પી. શ્રી ની તથા આરોપી તરફે વિ.વ.શ્રી ની મૌખિક દલીલો સાંભળી.

**(૫)** ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એ સાબિત કરે છે કે, આ કામના ફરીયાદીના છોકરા યશ યાદવ તથા તેના મિત્ર સોસાયટીના કોમન પ્લોટ પાસે રોડ ઉપર ફટાકડા ફોડતા હોય તે વખતે આ કામના આરોપી મનીતાસીંગ તથા તેમના છોકરી ક્રિતીકા તથા છોકરો પ્રશાંત નાઓ તેમને ફટાકડા નહી ફોડવાનુ કહી ગમે તેમ બોલવા લાગેલ

જેથી સોસાયટીના માણસો ભેગા થઈ જતા બોલાચાલી કરી ઝઘડો કરેલ અને તે વખતે તેમનુ ઉપરાણુ લઈ આરોપી પંકજસીંગનાઓ આવી યશ યાદવ સાથે તથા તેમના મિત્ર સાથે ઝપાઝપી કરવા લાગેલ. જેથી ફરીયાદી તેમને છોડાવવા આવતા આરોપી માનસીંગ નાઓએ તેમના હાથમાંનો દંડો કપાળના ભાગે મારી દેતા લોહી નીકળવા લાગેલ. જેથી તેમની છોકરી સ્વાતીનાઓ તેમને છોડાવવા જતા તેઓને પણ માથાના ભાગે દંડો મારેલ અને આરોપી ક્રિતીકા તથા અંકીત ચતુર્વેદીની માતા તેઓ સાથે ઝપાઝપી કરી ઝઘડો કરતા હોય જેથી સોસાયટીના માણસો વચ્ચે પડી વધુ માર માંથી છોડાવેલ. આમ, આરોપીએ એકબીજાની મદદગારી કરી બી.એન.એસ ની કલમ- ૧૧૫(૨), ૩૫૨, ૫૪ જી.પી એકટની કલમ-૧૩૫ મુજબ ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**કા ર ણો**

<u>**મુદ્દા નં.૧**</u> **::-**

**(૭)** સદર કામે ફરીયાદ પક્ષ તરફે ફરીયાદી-શીલા વિજય હરીલાલ યાદવને આંક-૧૩ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, બનાવ ૨૦૨૪ ના ૧૧ માં મહીનામાં બનેલો. બનાવના દિવસે હું મારા ઘરના ધાબા પર હતી અને મારો દિકરો યશ યાદવ અમારી સો.ના કોમન પ્લોટ પાસે તેના મિત્ર આદીત્ય તથા આશીષ ઉર્ફે બટુકનાઓ સાથે ફટાકડા ફોડતા હતા. તે વખતે રાત્રે આશરે દસ વાગે આશીષના હાથમાંથી ફટાકડો

મનીતાસીંગના ઘર સામે ફુટતા તેઓ મારા છોકરા તથા મિત્રો સાથે સામાન્ય બોલાચાલી કરવા લાગેલા. તે સમયે હુ પણ ત્યાં પહોંચી ગયેલ અને તે સમયે મનિતાસીંગ, તેમની મોટી દિકરી ક્રિતીકા તથા તેમનો છોકરો પ્રશાંત પણ ત્યાં આવી ગયેલ અને અમારી સાથે સામાન્ય બોલાચાલી કરેલ તે વખતે સો.ના ઘણા બધા લોકો ભેગા થઈ ગયેલા અને ધકકામુકકીમાં પડી જવાથી મને તથા મારી દિકરી સ્વાતીને ઈજા થયેલી. કોઈએ કોઈ હથીયારથી મને કે અન્ય કોઈને ઈજા કરેલ હોય તેવુ બનેલ નહી. હું કોઈ મુદામાલ હથીયાર ઓળખી શકુ નહી. બનાવ અંગે મેં ફરીયાદ કરેલી. સદર ફરીયાદની ખરી નકલ મને કોર્ટ રેકર્ડમાંથી બતાવવામાં આવે છે. જેમાં ફરીયાદી તરીકે મારી સહી છે. જે ઓળખુ છુ. જેને રજુ દાખલ આંક-૧૪ આપવામાં આવે છે. આરોપીઓને ઓળખુ છુ. આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે. સદર ફરીયાદી ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય સદર ફરીયાદીને વિ.એ.પી.પી.શ્રી દ્વારા હોસ્ટાઈલ જાહેર કરી વિગતવાર ઉલટ તપાસ કરવામા આવેલ છે તેમછતા ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઈ ફળદાયી હકીકત જણાવેલ નથી.

(૮) સદર કામે ફરીયાદ પક્ષ તરફે સાહેદ-સ્વાતી વિજય યાદવને આંક-૧૫ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, બનાવ ૨૦૨૪ ના ૧૧ માં મહીનામાં બનેલો. બનાવના દિવસે મારી માતા ઘરના ધાબા પર હતી અને મારો ભાઈ યશ યાદવ અમારી સો.ના કોમન પ્લોટ પાસે તેના મિત્ર આદીત્ય તથા આશીષ ઉર્ફે બટુકનાઓ સાથે ફટાકડા ફોડતા હતા. તે વખતે રાત્રે આશરે દસ વાગે આશીષના હાથમાંથી ફટાકડો મનીતાસીંગના ઘર સામે ફુટતા તેઓ મારા છોકરા તથા મિત્રો સાથે સામાન્ય બોલાચાલી કરવા લાગેલા.

તે સમયે મારી માતા પણ ત્યાં પહોંચી ગયેલ અને તે સમયે મનિતાસીંગ, તેમની મોટી દિકરી ક્રિતીકા તથા તેમનો છોકરો પ્રશાંત પણ ત્યાં આવી ગયેલ અને અમારી સાથે સામાન્ય બોલાચાલી કરેલ તે વખતે સો.ના ઘણા બધા લોકો ભેગા થઈ ગયેલા અને ધકકામુકકીમાં પડી જવાથી મને તથા મારી માતાને ઈજા થયેલી. કોઈએ કોઈ હથીયારથી મને કે અન્ય કોઈને ઈજા કરેલ હોય તેવુ બનેલ નહી. હું કોઈ મુદામાલ હથીયાર ઓળખી શકુ નહી. બનાવ અંગે મારી માતાએ ફરીયાદ કરેલી અને પોલીસે મારુ નિવેદન લીધેલુ. આરોપીઓને ઓળખુ છુ. આજરોજ નામ.કોર્ટમાં હાજર છે તે જ છે. સદર ફરીયાદી ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય સદર ફરીયાદીને વિ.એ.પી.પી.શ્રી દ્વારા હોસ્ટાઈલ જાહેર કરી વિગતવાર ઉલટ તપાસ કરવામા આવેલ છે તેમછતા ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઈ ફળદાયી હકીકત જણાવેલ નથી.

(૯) સદર કામે ફરીયાદ પક્ષ તરફે સાહેદ–ધવલભાઈ બચુભાઈ મુનીયાને આંક–૧૬ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, બનાવ ૨૦૨૪ ના ૧૧ માં મહીનામાં બનેલો. બનાવના દિવસે મારા મિત્ર યશની માતા ઘરના ધાબા પર હતી અને મારો દિકરો યશ યાદવ એની સો.ના કોમન પ્લોટ પાસે અમારા મિત્ર આદીત્ય તથા આશીષ ઉર્ફે બટુકનાઓ સાથે ફટાકડા ફોડતા હતા. તે વખતે રાત્રે આશરે દસ વાગે આશીષના હાથમાંથી ફટાકડો મનીતાસીંગના ઘર સામે ફુટતા તેઓ મારા મિત્ર યશ તથા મિત્રો સાથે સામાન્ય બોલાચાલી કરવા લાગેલા. તે સમયે યશની માતા પણ ત્યાં પહોંચી ગયેલ અને તે સમયે મનિતાસીંગ, તેમની મોટી દિકરી ક્રિતીકા તથા તેમનો છોકરો પ્રશાંત પણ ત્યાં આવી ગયેલ અને અમારી સાથે સામાન્ય બોલાચાલી કરેલ તે વખતે સો.ના ઘણા બધા લોકો ભેગા થઈ ગયેલા અને ધકકામુકકીમાં પડી

જવાથી યશની માતા કે તેનની બેનને ઈજા થયેલી. કોઈએ કોઈ હથીયારથી યશની માતા કે બેનને ઈજા કરેલ હોય તેવુ બનેલ નહી. હું કોઈ મુદામાલ હથીયાર ઓળખી શકુ નહી. બનાવ અંગે યશની માતાએ ફરીયાદ કરેલી. અને પોલીસે મારુ નિવેદન લીધેલુ. આરોપીઓને ઓળખુ છુ. જે નામ.કોર્ટમાં હાજર છે તે જ છે. સદર ફરીયાદી ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય સદર ફરીયાદીને વિ.એ.પી.પી.શ્રી દ્વારા હોસ્ટાઈલ જાહેર કરી વિગતવાર ઉલટ તપાસ કરવામા આવેલ છે તેમછતા ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઈ ફળદાયી હકીકત જણાવેલ નથી.

(૧૦) સદર કામે ફરીયાદ પક્ષ તરફે સાહેદ–યશ વિજય યાદવને આંક–૧૭ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, બનાવ ૨૦૨૪ ના ૧૧ માં મહીનામાં બનેલો. બનાવના દિવસે મારી માતા ઘરના ધાબા પર હતી અને હું મારી સો.ના કોમન પ્લોટ પાસે અમારા મિત્ર આદીત્ય તથા આશીષ ઉર્ફે બટુકનાઓ સાથે ફટાકડા ફોડતા હતા. તે વખતે રાત્રે આશરે દસ વાગે આશીષના હાથમાંથી ફટાકડો મનીતાસીંગના ઘર સામે કુટતા તેઓએ મારી સાથે તથા મારા મિત્રો સાથે સામાન્ય બોલાચાલી કરવા લાગેલા. તે સમયે મારી માતા પણ ત્યાં પહોંચી ગયેલ અને તે સમયે મનિતાસીંગ, તેમની મોટી દિકરી ક્રિતીકા તથા તેમનો છોકરો પ્રશાંત પણ ત્યાં આવી ગયેલ અને અમારી સાથે સામાન્ય બોલાચાલી કરેલ તે વખતે સો.ના ઘણા બધા લોકો ભેગા થઈ ગયેલા અને ધકકામુકકીમાં પડી જવાથી મારી માતા તથા મારી બેનને ઈજા થયેલી. કોઈએ કોઈ હથીયારથી મને કે મારી માતા કે મારી બેનને ઈજા કરેલ હોય તેવુ બનેલ નહી. હું કોઈ મુદામાલ હથીયાર ઓળખી શકુ નહી. બનાવ અંગે મારી માતાએ ફરીયાદ કરેલી આરોપીઓને ઓળખુ છુ. આજરોજ નામ.કોર્ટમાં

હાજર છે તે જ છે. સદર ફરીયાદી ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય સદર ફરીયાદીને વિ.એ.પી.પી.શ્રી દ્વારા હોસ્ટાઈલ જાહેર કરી વિગતવાર ઉલટ તપાસ કરવામા આવેલ છે તેમછતા ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઈ ફળદાયી હકીકત જણાવેલ નથી.

(૧૧) સદર કામે ફરીયાદ પક્ષ તરફે સાહેદ–આશીષ રામક્રીષ્ના પાટીલને આંક–૧૮ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, બનાવ ૨૦૨૪ ના ૧૧ માં મહીનામાં બનેલો. બનાવના દિવસે મારા મિત્ર યશની માતા ઘરના ધાબા પર હતી અને મારો દિકરો યશ યાદવ એની સો.ના કોમન પ્લોટ પાસે અમારા મિત્ર આદીત્ય તથા આશીષ ઉર્ફે બટુકનાઓ સાથે ફટાકડા ફોડતા હતા. તે વખતે રાત્રે આશરે દસ વાગે આશીષના હાથમાંથી ફટાકડો મનીતાસીંગના ઘર સામે ફુટતા તેઓ મારા મિત્ર યશ તથા મારી સાથે સામાન્ય બોલાચાલી કરવા લાગેલા. તે સમયે યશની માતા પણ ત્યાં પહોંચી ગયેલ અને તે સમયે મનિતાસીંગ, તેમની મોટી દિકરી ક્રિતીકા તથા તેમનો છોકરો પ્રશાંત પણ ત્યાં આવી ગયેલ અને અમારી સાથે સામાન્ય બોલાચાલી કરેલ તે વખતે સો.ના ઘણા બધા લોકો ભેગા થઈ ગયેલા અને ધકકામુકકીમાં પડી જવાથી યશની માતા કે તેનની બેનને ઈજા થયેલી. કોઈએ કોઈ હથીયારથી યશની માતા કે બેનને ઈજા કરેલ હોય તેવુ બનેલ નહી. હું કોઈ મુદામાલ હથીયાર ઓળખી શકુ નહી. બનાવ અંગે યશની માતાએ ફરીયાદ કરેલી. અને પોલીસે મારુ નિવેદન લીધેલુ. આરોપીઓને ઓળખુ છુ. જે નામ.કોર્ટમાં હાજર છે તે જ છે. સદર ફરીયાદી ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય સદર ફરીયાદીને વિ.એ.પી.પી.શ્રી દ્વારા હોસ્ટાઈલ જાહેર કરી વિગતવાર ઉલટ તપાસ કરવામા આવેલ છે તેમછતા ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઈ ફળદાયી

હકીકત જણાવેલ નથી.

સદર ફરીયાદી તથા સાહેદો બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમા એ હકીકતનો સ્વિકાર કરે છે કે, તેઓ બધા એક જ સોસાયટીમાં રહે છે. તેઓનુ સમાધાન થઈ ગયેલ છે. તેઓની સાથે ફકત બોલાચાલી થયેલી તે સીવાય બીજુ કંઈ બનેલ નથી. પોલીસે માત્ર તેઓના નામ અને સરનામુ પુછેલ છે.

**(૧૨)** આમ, ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે રજુ થયેલ લેખીત, મૌખીક પુરાવો તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, સદર કામે ફરીયાદી ખુદ આંક-૧૪ વાળી ફરીયાદને સમર્થન કરેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલ છે. સદર ફરીયાદીની આંક-૧૩ ની જુબાની ઉલટ તપાસ સહિત વંચાણે લેવામાં આવે તો તેઓની સાથે ફકત બોલાચાલી થયેલી તે સીવાય બીજુ કંઈ બનેલ ન હોવાનુ તેઓ જણાવે છે. હાથ પરના કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા તેમજ કેસની હકીકત, સંજોગો તથા થયેલ દલીલો ધ્યાને લેતા ફરીયાદ હકીકત મુજબનો ગુનો બનેલ હોય તેવુ ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેમજ ફરીયાદ પક્ષ આરોપીને ગુન્હા સાથે સાંકળતો કોઈ સીધો કે પ્રાથમિક પુરાવો રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી કે એવી કોઈ ક્રમબધ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય તેમ એવો કોઈ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી કે જેથી આરોપીએ ફરીયાદ હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોય તેવુ અનુમાન થઈ શકે, જેથી ઉપર મુજબ મુદ્દા નં.૧ નો નિર્ણય ઉપર મુજબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) અન્વયે આ કામના આરોપી ૧.મનીતાસીંગ પંકજસીંગ સુગ્રીવસીંગ ૨.ક્રીતીકાસીંગ પંકજસીંગ સુગ્રીવસીંગ ૩.પંકજસીંગ સુગ્રીવસીંગ ૪.પ્રશાંતસીંગ પંકજસીંગ સુગ્રીવસીંગ ૫.સંગીતાસીંગ અભીલાષ જગવાહીર નાઓને બી.એન.એસ ની કલમ– ૧૧૫(૨), ૩૫૨, ૫૪ જી.પી એકટની કલમ–૧૩૫ મુજબ ના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ.નીકલમ–૪૮૧(એ) અન્વયે આરોપીઓએ અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાહેધરી માટે અગાઉ આપેલ જામીન, હુકમ તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલનો અપીલ સમય વિત્યેથી નિયમોનુસાર નિકાલ કરવો.

હુકમ આજ તા.૨૫મી માર્ચ સને ૨૦૨૬ રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ: અંકલેશ્વર
તા.૨૫/૦૩/૨૦૨૬

**(યોગેશ નરેન્દ્રકુમાર પટેલ)**
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
અંકલેશ્વર.
કોડ નં.GJ00664

( STENO: P.J.PANARA )